# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 04-01-2026 Day: Sunday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **તૌફિક સમા** વાંચે છે.

---

## તોલમાપતંત્ર આકસ્મિક ઝુંબેશ:

તોલમાપ તંત્ર દ્વારા રાજ્યની 370 જેટલી સોના-ચાંદી દુકાનો અને જ્વેલરી શો રૂમ પર આકસ્મિક તપાસ ઝુંબેશ હાથ ધરાઇ. બે અને ત્રણ જાન્યુઆરીના રોજ હાથ ધરાયેલી આ ઝુંબેશમાં 25 જિલ્લાઓમાં વિવિધ એકમો ઉપર 253 જેટલા પ્રોસિક્યુશન કેસ કરીને 6 લાખ 79 હજાર રૂપિયાની માંડવાળ ફી સ્થળ પર જ વસૂલવામાં આવી છે.

---------------------------------------------------------------------------------

## વિશ્વ બ્રેઈલ દિવસ:

આજે 4 જાન્યુઆરી એટલે કે વિશ્વ બ્રેઇલ દિવસ છે. પ્રજ્ઞાચક્ષુ લોકો માટે માનવ અધિકારોની સંપૂર્ણ અનુભૂતિમાં સંદેશાવ્યવહારના સાધન તરીકે બ્રેઇલના મહત્વ વિશે જાગૃતિ લાવવા આ દિવસ ઉજવવામાં આવે છે. આ દિવસ નિમિત્તે રાજ્યમાં વિવિધ સંસ્થાઓ દ્વારા પ્રજ્ઞાચક્ષુ ભાઈઓ-બહેનો માટે અનેક કાર્યક્રમો યોજાઇ રહ્યા છે. તે અંતર્ગત ભુજ હાટ ખાતે "સંવેદનાનો સ્વાદોત્સવ- નું આયોજન કરાયું છે, જેમાં આજે સાંજે દ્રષ્ટિબાધિત મહિલાઓ દ્વારા રસોઈ શો યોજાશે. આ કાર્યક્રમમાં ગુજરાતના વિવિધ વિસ્તારોમાંથી આવેલી બહેનો પોત પોતાની રસોઈ કળાથી સ્વાદિષ્ટ વાનગીઓ તૈયાર કરી રજૂ કરશે.જેનો મુખ્ય હેતુ પ્રજ્ઞાચક્ષુ મહિલાઓની ક્ષમતાઓને સમાજ સમક્ષ રજૂ કરવાનો અને તેમના આત્મવિશ્વાસને મજબૂત બનાવવાનો છે.

---------------------------------------------------------------------------------

## ખારઈ ઉંટ મંથનનું આયોજન:

કચ્છના ખારઈ ઉંટ અને ચેરિયા બચાવવા માટે આગામી તારીખ 6 જાન્યુઆરીએ કચ્છ યુનિવર્સિટી ખાતે મંથનનું આયોજન કરવામાં આવ્યુ છે. જેમાં તરતા ઉંટ એટલે કે ખારઈ ઉંટની સંખ્યામાં ઘટાડો થતાં તેની સ્થિતિને સુધારવા માટે કચ્છ ઉંટ ઉછેરક માલધારી સંગઠન અને સહજીવન સંસ્થા દ્વારા એક ખાસ બેઠકનુ આયોજન કરાયુ છે. જેમાં પશુપાલન મંત્રાલયના કમિશ્નર, નેશનલ બ્યુરો ઓફ એનિમલ જેનેટિક રિસોર્સના ડાયરેક્ટર,નેશનલ રિસર્ચ સેન્ટર ઓન કેમલ્સના સિનિયર વૈજ્ઞાનિકો સહિત મોટી સંખ્યામાં સ્વૈચ્છિક સંસ્થાઓના પ્રતિનિધિઓ હાજર રહેશે.

--------------------------------------------------------------------------------

## રાષ્ટ્રીય રક્તદાતા માસની ઉજવણી:

રાષ્ટ્રીય રક્તદાતા માસ તરીકે ઉજવાતા જાન્યુઆરીમાં વધુને વધુ રક્તદાન કરવા અપીલ કરાઈ છે.સ્વૈચ્છિક રકતદાનથી જ હોસ્પિટલની બ્લડબેંકમાં લોહી ઉપલબ્ધ બને છે, જે કટોકટીના સમયમાં જીવનરક્ષક સાબિત થાય છે, જી.કે.જનરલ હોસ્પિટલના બ્લડબેંકના હેડ ડૉ.જીજ્ઞાબેન ઉપાધ્યાયે રાષ્ટ્રીય રક્તદાતા માસ નિમિતે કહ્યું કે, કચ્છની સામાજિક સંસ્થાઓ, સ્વૈચ્છિક સંસ્થાઓ, સરકારી વિભાગો, ગ્રામ પંચાયતો, ઉદ્યોગ ગૃહો તેમજ વ્યક્તિગત ધોરણે રક્તદાતાઓ રક્તદાન કરી સુંદર ઉદાહરણ પૂરું પાડે છે ત્યારે આ માસમાં પણ વધુ પ્રમાણમાં રક્તદાન કરી પ્રેરણા પૂરી પાડવાની વધુ એક તક આવી છે. ઉલ્લેખનીય છે કે વીતેલા ડિસેમ્બર માસમાં જિલ્લામાં જુદા જુદા ૧૨ કેમ્પ યોજી 1040 બોટલ રક્ત એકત્રિત કરાયું હતું.

--------------------------------------------------------------------------------

## જીલ્લામા- રેલવેનું માલ પરિવહન ક્ષેત્રે શ્રેષ્ઠ પ્રદર્શન:

કચ્છ જિલ્લો ઔધોગિક હબ હોવાના કારણે નમક, ખનિજ સહિત વિવિધ માલ સામાનનું રેલમાર્ગે પરિવહન કરવામાં આવે છે આ વખતે ડિસેમ્બર મહિનામાં રેલવેના ગાંધીધામ ડીવીઝન દ્વારા મહત્વપૂર્ણ સિધ્ધિ મેળવવામાં આવી છે જેમાં ગાંધીધામથી સૌથી વધુ 1685 રેકનું મહિના દરમ્યાન સંચાલન કરવામાં આવ્યું છે.સરેરાશ દૈનિક 54 રેક નિકળી હતી.છેલ્લે ઓગસ્ટ 2025 દરમિયાન 1595 રેક લોડ કરવામાં આવી હતી.

પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળે ડિસેમ્બરમાં પરિચાલન અને વાણિજ્યિક બંને ક્ષેત્રોમાં માલ પરિવહન, આવક તથા મુસાફર સેવાઓમાં અત્યાર સુધીના શ્રેષ્ઠ કીર્તિમાન સ્થાપિત કર્યા છે. ડિસેમ્બરમાં મંડળે અત્યાર સુધીનું સર્વાધિક સરેરાશ દૈનિક માલ લોડિંગ 3,224.74 વેગન નોંધાવ્યું, જે નવેમ્બર 2024માં નોંધાયેલા અગાઉના કીર્તિમાન 3,094.84 વેગનથી વધુ છે. કચ્છનો સમાવેશ ગાંધીધામ ક્ષેત્રમાં થાય છે

---

## પી.એસ.આઈ અને લોક રક્ષક દળ ભરતી:

રાજ્ય પોલીસમાં PSI અને લોકરક્ષક દળની 13 હજાર 591 જગ્યાઓ માટેની શારીરિક કસોટી આગામી 21 જાન્યુઆરીથી શરૂ થશે. 14 લાખ 28 હજાર જેટલા ઉમેદવારોએ આ વખતે પોલીસ ભરતીમાં અરજી કરી છે. શારીરિક કસોટી માટેના પ્રવેશપત્ર ક્યારે અને કેવી રીતે ડાઉનલોડ કરવા તે અંગેની માહિતી ટૂંક સમયમાં ભરતી બૉર્ડની વેબસાઈટ પર મુકાશે.

---

## આરોગ્ય નિદાન કેમ્પ-બિદડા:

બિદડા સર્વોદય ટ્રસ્ટ સંચાલિત કે.એમ. પટેલ આરોગ્યધામ ખાતે ચાલી રહેલ બાવનમા મેગા સર્જિકલ અને મેડિકલ કેમ્પમાં વેરિકોઝ વેઈન રોગોનો નિદાન કેમ્પ યોજવામાં આવ્યો હતો. કેમ્પમાં 146 દર્દીની તપાસણી કરવામાં આવી હતી જે પૈકી 30 દર્દીના લેઝર મશીન દ્વારા ઓપરેશન કરવામાં આવ્યા હતા. ગત વર્ષની જેમ આ વર્ષે પણ જાન્યુઆરીમાં યોજાયેલા કેમ્પમાં  ઘણા દર્દીઓની સંખ્યા જોવા મળી હતી. ભવિષ્યમાં પણ અવારનવાર આવા પ્રકારના શિબિર ગોઠવવાની વિચારણા ચાલી રહી  હોવાનું જાણવા મળેલ છે.

---

## NMMS પરીક્ષા:

રાજ્ય સહિત જીલ્લામાં નેશનલ મિનસ કમ મેરીટ સ્કોલરશીપ પરીક્ષા જીલ્લાના તમામ તાલુકાના 28 કેન્દ્રો પર લેવાઈ હતી. જેમાં ધોરણ 8ના  કુલ 7484 પૈકી 7,187 વિધાર્થીઓએ પરીક્ષા આપી હતી.તેવુ જિલ્લા શિક્ષણ અધિકારીએ એક યાદીમાં જણાવ્યુ છે.

---